# પૂ.લાલચંદભાઈના પ્રવચનો
## પ્રવચન નં :- ૨૪
## સમયસાર ગાથા ૨૯૭, તા. ૪-૧૦-૮૭

(ભાવકર્મથી) બંધાણો છે અને આઠ પ્રકારના કર્મથી નિમિત્તપણે બંધાણો છે. એ રાગાદિ ભાવકર્મથી કેમ છૂટે અને આઠ પ્રકારના કર્મના સંયોગથી કેમ છૂટો પડી જાય આત્મા એને પરમાત્મા મોક્ષ કહે છે. એ મોક્ષની નાસ્તિથી વ્યાખ્યા કરી. નાસ્તિથી. અભાવ થાય તેને મોક્ષ કહેવાય. મિથ્યાત્વ, અજ્ઞાન, અવ્રત, કષાય, યોગ એવા જે આસ્રવો એનો સર્વથા અભાવ થાય અને આઠ પ્રકારના કર્મોનો જે સંયોગ છે એનો પણ વિયોગ થઈ જાય એને પરમાત્મા મોક્ષદશા કહે છે. એ નાસ્તિથી વાત કરી.

અસ્તિથી વાત એવી છે કે અનંતજ્ઞાન ને અનંતઆનંદ પ્રગટ થાય આત્મામાં. આત્મામાં આત્માને આશ્રયે અનંતજ્ઞાન, અનંતઆનંદ પ્રગટ થાય તેને પરમાત્મા ત્રણલોકનો નાથ એને મોક્ષદશા કહે છે. મોક્ષ એ દશા છે, પરિણામ છે. એ મોક્ષદશા પ્રગટ થવાની વિધિ શું છે, કેમ પ્રગટ થાય, આત્માનો મોક્ષ કેમ થાય? એટલે આત્માને પરિપૂર્ણ આત્મિક સુખ કેમ પ્રગટ થાય? 'મોક્ષ કહ્યો નિજ શુધ્ધતા'. પોતાના શુધ્ધાત્માનું અવલંબન લઈ અને પરિણામમાં જે અપવિત્ર મલિનભાવ છે એનો પૂર્ણ અભાવ કરીને પવિત્રદશા પ્રગટ થાય એને પરમાત્મા મોક્ષ કહે છે અથવા પૂર્ણ આનંદની ઉપલબ્ધિ, પૂર્ણ આત્મિક સુખની પ્રાપ્તિ તેને મોક્ષદશા કહે છે.

એ મોક્ષ થવાનો ઉપાય શિષ્ય પૂછે છે, કે આ મારા આત્માનો મોક્ષ કેમ થાય? અત્યાર સુધી ચાર ગતિમાં હું રખડી રહ્યો છું, એટલે હું દુઃખી થઈ રહ્યો છું. પ્રભુ! હવે મારે દુઃખ જોઈતું નથી. હવે મારે એવું સુખ જોઈએ છે કે આવ્યું જાય નહીં અને પરિપૂર્ણ સુખ પ્રગટ થાય, એવું સુખ મારે જોઈએ છે. એવી અભિલાષા જેને થઈ છે એવો શિષ્ય પ્રશ્ન કરે છે કે, પ્રભુ! આ આત્માનો મોક્ષ કેમ થાય? એની વિધિ, એની રીત કૃપા કરીને મને બતાવો. ત્યારે આચાર્યભગવાન કરુણા કરીને એવા શિષ્યને ઉદેશે છે કે સાંભળ! આત્માનો મોક્ષ કેવી રીતે થાય? મોક્ષ થવાનું સાધન શું છે? અને મોક્ષ કેમ થાય? જીવ શું કરે તો મોક્ષ થાય? કઈ ક્રિયા કરે તો મોક્ષ થઈ જાય. એમ ક્રિયાનો પ્રશ્ન પૂછયો. કે કઈ ક્રિયા કરવાથી આત્માનો મોક્ષ થાય. એનો ઉત્તર છે. જુઓ! ૨૯૭ (ગાથાનું) મથાળું છે. ફરીથી.

**હવે શિષ્ય પૂછે છે કે,** પૂછે કોણ? જેને જિજ્ઞાસા થઈ હોય એ પૂછે. અને જે દુઃખી હોય

એ દુઃખથી મુકાવાનો ઉપાય પૂછે. અમે સુખી છીએ, અમારી પાસે લાખો, કરોડો રૂપિયા છે, મોટર છે, બંગલા છે, એને જેને દુઃખ ભાસતું નથી એ શા માટે પૂછે? પણ એને બહારના ચક્રવર્તીનો યોગ અને સ્વર્ગનો દેવ હોય તોપણ તે દુઃખી છે. સ્વર્ગનો દેવ પણ સુખી નથી. એક આત્મજ્ઞાની ધર્માત્મા સુખી છે. એ પ્રશ્ન પૂછે છે કે, પ્રભુ! મને પૂર્ણ આનંદની પ્રાપ્તિ કેમ થાય? કે જેથી કરીને આ દુઃખ બધું અવસ્થામાંથી નીકળી જાય.

એવો પ્રશ્ન **પૂછે છે કે-આ આત્માને,** એટલે મારો આત્મા છે એને **પ્રજ્ઞા વડે** એટલે અંતરમુખ જ્ઞાન વડે **કઈ રીતે ગ્રહણ કરવો?** પ્રજ્ઞા એટલે અંતર્મુખ થયેલું જ્ઞાન-જ્ઞાનઉપયોગ, શુધ્ધોપયોગ એ વડે કઈ રીતે ગ્રહણ કરવો એટલે જાણવો. જ્ઞાન વડે જ્ઞાયકને કેવી રીતે જાણવો? જ્ઞાનમય આત્માને જ્ઞાન વડે કેવી રીતે જાણવો? જ્ઞાન વડે-શાસ્ત્રજ્ઞાન નહીં. આત્મજ્ઞાન વડે આત્માને કેવી રીતે ગ્રહણ કરવો એટલે જાણવો.

ગ્રહણ કરવો એટલે કોઈ વસ્તુને પકડવી છે એમ છે નહીં. ગ્રહણ એટલે જાણવું. આત્માને કેવી રીતે અનુભવવો મને? તેનો ઉપાય કૃપા કરીને બતાવો. એનો ઉપાય બતાવે છે. (સંસ્કૃત શ્લોક લખવો.)સંસ્કૃત ગાથા લખવી.

**પ્રજ્ઞાથી ગ્રહવો-નિશ્ચયે જે ચેતનારો તે જ હું,**
**બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર-જાણવું. ૨૯૭.**

છે ને નીચે હરિગીત ગુજરાતી. લાવો મને આપો કાઢી દઉં. ૨૯૭ ગાથા. પાના ફેર હોય પણ ૨૯૭ ગાથા ફરશે નહીં. જુઓ! નીચે લખે છે, ચંદ્રેશભાઈ! **પ્રજ્ઞાથી** એટલે જ્ઞાનથી. **ગ્રહવો** એટલે જાણવો. **નિશ્ચયે** એટલે ખરેખર **જે ચેતનારો છે,** જે જાણનારો છે, જે દેખનારો છે **તે જ હું. બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર જાણવું.** ટૂંકાણમાં બે લીટીમાં રહસ્ય બે હજાર વર્ષ પહેલાં કુંદકુંદઆચાર્ય થયા તેમણે તાડપત્ર ઉપર લખ્યું. એના પછી એક હજાર વર્ષે અમૃતચંદ્રઆચાર્ય થયા એમણે આ આખી સંસ્કૃત ટીકા લખી છે, નીચે. એના પછીના શ્લોક ઉપરની ટીકા. સંસ્કૃતમાં સાડા આઠ લીટીની ટીકા છે. એનું નીચે ગુજરાતી છે. ટીકા એટલે ગુજરાતી અનુવાદ છે. હવે મૂળ ગાથાનું આપણે લઈએ.

કુંદકુંદાચાર્ય ભગવાનના શબ્દો. **પ્રજ્ઞા વડે** એટલે જ્ઞાન વડે, પ્રજ્ઞા-પ્ર વિશેષે જ્ઞાન, વિશિષ્ટ પ્રકારનું જ્ઞાન. આ ઈન્દ્રિયજ્ઞાન, શાસ્ત્રજ્ઞાન, શાસ્ત્રનું જ્ઞાન તે જ્ઞાન નથી. આત્માનું જ્ઞાન તે જ્ઞાન છે. પ્રજ્ઞા વડે, વિશિષ્ટ પ્રકારના પ્રકૃષ્ટ જ્ઞાન વડે, અંતર્મુખ જ્ઞાન વડે, અતીન્દ્રિયજ્ઞાન વડે આત્માને એમ જાણવો કે, આહા! આત્માને એમ જાણવો કે, પરને જાણવાનું બંધ કરી દે. આહા! પરને તો અનંત અનંતકાળથી જાણતો આવ્યો છે પણ કાંઈ હાથમાં આવ્યું નહીં.

હવે કહે છે કે **પ્રજ્ઞા વડે** એટલે જ્ઞાન વડે, **આત્માને** એટલે શુધ્ધાત્માને **એમ ગ્રહણ કરવો કે,** એમ જાણવો કે, એમ અનુભવવો કે, **જે,** જે છે. જે છે, કેવો? **ચેતનારો છે.** જે ચેતનારો જાણનાર-દેખનાર છે, તે, **જે ચેતનારો છે તે નિશ્ચયથી હું છું.** આહાહા! જે મારા જ્ઞાન વડે મારો આત્મા જે ચેતનારો છે એને ચેતતા જે જાણવામાં-દેખવામાં આવ્યો તે હું છું. **બાકીના જે ભાવો છે,** પુણ્ય-પાપના ભાવો છે, રાગ-દ્વેષ, મોહના ભાવો છે **તે મારાથી પર** એટલે જુદા **છે.** આહાહા!

આ પુણ્ય ને પાપના પરિણામ જે પ્રગટ થાય છે તે આસ્રવતત્ત્વ છે તે આત્મા પણ નથી અને આત્માના પરિણામ પણ નથી. આત્મા ચૈતન્ય છે અને એના પરિણામ જાણવું-દેખવું એ એના પરિણામ છે. રાગ અને દ્વેષ એ જીવના પરિણામ નથી. એ માની બેઠો છે જીવના પરિણામ. એ તો એનું અજ્ઞાન છે. જે બાકીના જે ભાવો છે, તે મારાથી પર એટલે જુદા છે. એમ જાણવું. એમ જાણવું, એમ શ્રદ્ધવું ને એમ આચરવું. જ્ઞાન-દર્શન ને ચારિત્ર. આત્માને એમ જાણવો કે જાણનાર છે. એમ જાણવો ને જાણીને શ્રધ્ધાન કરવું કે હું જાણનાર છું. અને એમાં લીન થવું તેને ચારિત્ર કહે છે. તે મારાથી પર છે એમ જાણવું.

**ટીકાઃ-** ટીકા એટલે વિસ્તાર. ટીકા એટલે ગુરુદેવ ફરમાવતા હતા, જેમ ભેંસના આઉમાં દૂધ ભરેલું હોય અને બળુકી બાઈ આમ કાઢે દૂધ અને દોવે તો દૂધ એમાં છે એમાંથી નીકળે. એમ કુંદકુંદાચાર્ય ભગવાનની બે લીટી છે, એમાં બધો દૂધનો માલ ભર્યો છે. એ બુધ્ધિશાળી જ્ઞાની ધર્માત્મા કોઈ હોય તો એ બે લીટીનો ભાવ જાણી શકે છે અને વિસ્તાર કરે છે કે આમ આચાર્ય ભગવાન કહેવા માગે છે. ટીકા એટલે વિસ્તાર. હોય એમાંથી વિશેષ વિસ્તાર કરવો એને ટીકા કહેવામાં આવે છે.

**ટીકા :- નિયત સ્વલક્ષણને અવલંબનારી પ્રજ્ઞા વડે,** નિયત, નિશ્ચિત, સ્વલક્ષણ. આત્માનું સ્વ એટલે પોતાનું લક્ષણ એને ચિહ્ન એંધાણ (કહેવાય). લક્ષણ એટલે ચિહ્ન એંધાણ આત્માનું શું છે? કેવી રીતે આત્માને ઓળખવો. આત્માને બીજાથી જુદો કેમ પાડવો? રાગથી જુદો કેમ જાણવો? કે નિયત અનાદિઅનંત. આત્માનું સ્વ પોતાનું લક્ષણ ચૈતન્ય છે. રાગાદિ તે આત્માનું લક્ષણ નથી. એ તો આસ્રવનું લક્ષણ છે. એક જીવનું લક્ષણ અને બીજું આસ્રવનું. નવ તત્ત્વમાં ભગવાને એક જીવતત્ત્વ કહ્યો છે અને પુણ્ય ને પાપના પરિણામને આસ્રવતત્ત્વ કહ્યો છે.

આજથી સવાસો, દોઢસો વર્ષ પહેલાં શ્રીમદ્ રાજચંદ્રજી થયા. તેઓશ્રી ફરમાવે છે કે અત્યારે તો, એના વખતની વાત કરે છે. અત્યારે તો અમને નવ તત્ત્વના નામ-નામ, ભાવ નહીં. નામ આવડે એવા જીવો પણ આંગળીના વેઢે ગણાય એટલા છે. એના કાળમાં. નામ-ભાવને જાણનાર તો, એ તો જ્ઞાની જ જાણી શકે. પણ નામ. બોલોજી નવતતત્વના નામ. કોઈ બોલી શકે છે? આહા!

એમાં નવ તત્ત્વના નામમાં પહેલું જીવતત્ત્વ છે. પછી બીજું અજીવ છે, ત્રીજું આસ્રવ, ચોથું સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. એ સાત તત્ત્વ અથવા નવ પદાર્થ છે. એમાં નિયત, નિશ્ચિત, સ્વ પોતાનું લક્ષણ. દરેક પદાર્થને લક્ષણ હોય. સોનાનું લક્ષણ પીળું, ચાંદીનું લક્ષણ ધોળું, સાકરનું લક્ષણ ગળપણ, અફીણનું લક્ષણ કડવું, લીંબુનું લક્ષણ ખટાશ. પ્રત્યેક પદાર્થને પોતાનો સ્વભાવ હોય છે લક્ષણ. એનાથી એક પદાર્થથી બીજો પદાર્થ જુદો પડી શકે છે.

**નિયત સ્વ** પોતાનું ચૈતન્યલક્ષણ એને **અવલંબનારી,** એને અનુસરીને જે જ્ઞાન થાય, જેમાં ચૈતન્યલક્ષણ છે એવો જે ભગવાન ચૈતન્યમૂર્તિ અંદર આત્મા બિરાજમાન છે. દેહથી ભિન્ન, આઠ કર્મથી ભિન્ન અને રાગથી પણ આત્મા અંદર જુદો છે બિરાજમાન છે. એ **પ્રજ્ઞા વડે** એટલે જ્ઞાન વડે, એટલે અંતર્મુખ થયેલાં જ્ઞાન વડે, જુદો કરવામાં આવેલો, એને રાગથી જુદો પાડયો અને સમ્યગ્દર્શન થયું. પણ હજી સમ્યક્ચારિત્ર નથી થયું. જયાં સુધી સમ્યક્ચારિત્ર ન થાય ત્યાં સુધી કદી પણ મોક્ષ થઈ શકે નહીં. આહાહા! સમ્યગ્દર્શન થયા પછી સમ્યગ્દષ્ટિ પૂછે છે કે, સમ્યગ્દર્શન તો થયું, આત્મદર્શન તો થયું, રાગથી જુદો પાડીને આત્મા મને અનુભવમાં આવ્યો, પણ હવે પ્રત્યક્ષ સાક્ષાત મોક્ષ કેમ થાય? એવો પ્રશ્ન છે.

**કે કરવામાં આવેલો, જુદો કરવામાં આવેલો જે ચેતક (-ચેતનારો), તે આ હું છું,** તે આ હું છું. જે પુણ્ય-પાપથી જુદો કરવામાં આવ્યો અને મારી દૃષ્ટિમાં શ્રદ્ધા, જ્ઞાનમાં મારો આત્મા આવ્યો કે હું તો ચેતનારો છું. હું તો જાણનાર છું, કરનાર નથી. હું જાણનાર છું પણ કરનાર નથી. કરનાર નથી અને જાણનાર છું એવા જાણનાર આત્માને મેં જાણ્યો. હું જાણનાર છું એવા જાણનાર આત્માને રાગથી જુદો પાડીને મેં ગ્રહણ કર્યો. શ્રદ્ધા, જ્ઞાન તો થયું પણ હજી ચારિત્રદશા આવી નથી.

તો કહે છે કે **તે આ હું છું,** અને આ હું છું એની વ્યાખ્યા કે ચૈતન્ય જેનું લક્ષણ છે તે આત્મા છે. જ્ઞાન જેમાં થાય તેને આત્મા કહેવાય. જેમાં જ્ઞાન ન થાય તેને આત્મા ન કહેવાય. જેમકે આમાં (શાસ્ત્રના પાનામાં) જ્ઞાન નથી. તો આને આત્મા ન કહેવાય. જેમ દીવાલ છે તો તેમાં જ્ઞાન નથી. એને આત્મા ન કહેવાય. સો રૂપિયાની નોટ હોય તો એને આત્મા ન કહેવાય. કેમ કે તેમાં જ્ઞાન નથી. આ શરીર છે તેને આત્મા ન કહેવાય. કેમ કે આનામાં (શરીરમાં) જ્ઞાન નથી. આ તો જડ છે. ત્યારે અંદરમાં પુણ્ય-પાપ થાય એ? કે એનામાં જ્ઞાન નથી. માટે એ આત્મા નથી. જડભાવ છે. આહાહા! આ પાંચ-પચ્ચીસ હજારનું દાન આપ્યું, દાન આપ્યું તે આત્મા કહેવાય કે નહીં? કે આત્માને લાભ ખરો કે નહીં? કોડીયે લાભ નહીં. કોડીનો પણ લાભ થતો નથી. કરોડ રૂપિયાનું દાન આપે, મંદિર બંધાવે તોપણ, આહાહા!

કેમ કે એ દાનના પરિણામ છે એ કષાયની મંદતા છે, પુણ્યતત્ત્વ છે. એ પુણ્યતત્ત્વ બંધનું કારણ છે. એ મોક્ષનું કારણ નથી. કેમ કે એમાં આત્માનું લક્ષણ નથી. આત્માનું લક્ષણ જે જ્ઞાન છે એમ પુણ્ય અને પાપનું લક્ષણ અચેતન અજ્ઞાન છે. પુણ્ય અને પાપ એનું લક્ષણ અચેતન છે, અચેતન એટલે એમાં ચેતનની જાગૃતિનો સ્વ-પર જાણવાનો એમાં સ્વભાવ નથી. રાગમાં, રાગ રાગને પણ ન જાણે અને રાગ જાણનારને ન જાણે. જ્ઞાન આત્માને પણ જાણે અને જ્ઞાન રાગને પણ જાણે. માટે રાગ ભિન્ન છે અને જ્ઞાન ભિન્ન છે.

**અને અન્ય સ્વલક્ષણોથી લક્ષ,** એટલે કે અચેતન લક્ષણોથી લક્ષ, થવા યોગ્ય **અર્થાત્ ચૈતન્યલક્ષણ સિવાય બીજા લક્ષણોથી ઓળખાવાયોગ્ય,** આહા! જેમાં ચૈતન્યલક્ષણ, જ્ઞાનલક્ષણ હોય તે જીવ છે. અને જેનામાં જ્ઞાન નથી તે અજીવ છે. જેનામાં જ્ઞાન તે જીવ અને જેનામાં જ્ઞાન નથી તે બધું અજીવ છે. આહા! **જે આ બાકીના વ્યવહારરૂપ ભાવો છે,** આ વ્રત ને અવ્રતના પરિણામો એ બધા અચેતન ને જડ છે. હાય! હાય! આ ભગવાનની પૂજા સવારના પહોરમાં ભાવ આવે, પૂજાનો ભાવ આવે, દર્શનનો ભાવ આવે, એ જે શુભભાવ છે ને શુભભાવ એ આત્માથી ન્યારા-જુદા છે. આહા! કેમ કે એનામાં ચૈતન્યલક્ષણ નથી રાગમાં. માટે **જે આ બાકીના વ્યવહારરૂપ ભાવો છે, તે બધાય,** સઘળાય, આહા! દયા, દાન, કરુણા, કોમળતાના પરિણામ, જાત્રાનો શુભભાવ, સત્ય બોલવાનો શુભભાવ, બ્રહ્મચર્યનો શુભભાવ, અપરિગ્રહનો શુભભાવ એ બધા જે શુભભાવ છે તે મારાથી અત્યંત ભિન્ન છે. આ ભેદજ્ઞાનનો મંત્ર બતાવે છે.

**જે આ બાકીના વ્યવહારરૂપ ભાવો છે, તે બધાય,** હવે ન્યાય આપે છે કે શા માટે મારાથી ભિન્ન છે. જ્ઞાનથી આત્મા અભિન્ન છે અને રાગથી આત્મા ભિન્ન છે. જીવની પરાશ્રિત અવસ્થામાં રાગ થાય તોપણ એ રાગમાં ચેતન વ્યાપક નથી, ફેલાતું નથી, પ્રસરતું નથી. એમ કહેશે. જુઓ! **તે બધાય, ચેતકપણારૂપી વ્યાપકના વ્યાપ્ય નહીં થતાં હોવાથી,** શું કહે છે? જેવી રીતે સોનું અને ચાંદી મળેલા હોય, પાંચ તોલા સોનું અને એક તોલો ચાંદી. ભેળસેળ કરી હોય, છ તોલા કહેવામાં આવે. સોનીની પાસે જાવ તો છ તોલાના પૈસા ન આપે. પાંચ તોલાના જ પૈસા આપે.

કેમ કે સોનાની ચીકાશ અને પીળાશ એ ચાંદીમાં વ્યાપ્તી, ફેલાતી, પ્રસરતી નથી. જો સોનું ચાંદીમાં ચાલ્યું જાય તો તો છ તોલા થઈ જાય. એક તોલો ચાંદી પણ સોનું થઈ જાય. પણ કોઈ કાળે (તેમ બને નહીં.) ચાંદી તો ચાંદી ને સોનું તો સોનું. કોઈ કાળે કાંઈ ચાંદી સોનું થતું નથી. કેમ? ન્યાય આપે છે. કે સોનાની પીળાશ, સફેદ લક્ષણે લક્ષિત ચાંદી અને પીળાશ લક્ષણે લક્ષિત સોનું, એ સોનું એમાં વ્યાપ્તું, ફેલાતું, પ્રસરતું નથી. માટે સોનાથી ચાંદી ભિન્ન છે. સોનું ભિન્ન ને ચાંદી

ભિન્ન.એ એક દાખલો આપ્યો.

બીજો દૃષ્ટાંત. કે પાણી છે તે સ્વભાવે સ્વચ્છ ને નિર્મળ છે. હવે એને માટીનો સંયોગ થયો. માટીનો સંયોગ થતાં પાણીની અવસ્થા મલિન થઈ, પાણીની અવસ્થા મલિન થઈ. છતાં એ મલિન ભાવ જે છે એમાં પાણીનો નિર્મળ, સ્વચ્છ સ્વભાવ એમાં વ્યાપ્તો, ફેલાતો, પ્રસરતો નથી. તે મલિનભાવ જુદો છે અને સ્વચ્છ પાણી જુદું છે. એ કેમ ખબર પડી? પાણી તો અત્યારે મેલું દેખાય છે. કે પાણી મેલું કહેવાય છે. શું કહ્યું? (કહેવાય છે.) પાણી મેલું થયું એમ કહેવાય છે પણ પાણી મલિન થતું નથી. ત્યારે મલિન કોણ થયું છે? કે માટી. તો પાણી કેવું છે કે નિર્મળ અને સ્વચ્છ.

એ તો તમે વાતો કરો છો, અમને બનાવો છો. અમને આ મલિન ભાગ જુદો પાડી દયો. તો અમે જાણીએ કે આ માટી જુદી પડી ગઈ. તો જ્ઞાની કહે લાવ ફટકડી. ફટકડી નાખ તારા હાથે. હું ઊભો છું. નહીંતર તને એમ લાગશે કે કાંઈક જાદુ કર્યો છે. હું તો ઊભો છું. મારે કાંઈ લેવા-દેવા નથી. અમે તો તને કહીએ છીએ કે તું પાણી મલિન પીશ (તો) એમાં કમળાનો રોગ થશે. એના કરતાં ફટકડી નાખીને મલિન ભાગ કાઢી નાખ તો પાણી તને નિર્મળ ને સ્વચ્છ મળશે. એણે તો નાખી ફટકડી. નિર્મળી ઔષધી આવે છે. વૈદ્યને ત્યાં મળે છે. ગાંધીને ત્યાં મળે છે. ગંધિયાણાની દુકાન. ફટકડી નાખી તો મેલ જુદો પડી ગયો અને પાણી સ્વચ્છ થઈ ગયું. આહાહા! ત્યારે એને ખાતરી થઈ.

એમ એ જે મલિન ભાગમાં સ્વચ્છ પાણી વ્યાપ્તું, ફેલાતું, પ્રસરતું નથી. માટે મલિનભાગ છે તે માટીનો છે અને સ્વચ્છતા તે લક્ષણ પાણીનું છે. આ જૈનદર્શન છે ને સર્વજ્ઞ વીતરાગ ભગવાને, મહાવીર પ્રભુએ કહેલું, એકદમ ન્યાયપૂર્ણ છે. આગમથી, યુક્તિથી, અનુમાનથી ને અનુભવથી સિદ્ધ થાય. અંધશ્રદ્ધાનો વિષય નથી આ. બે દાખલા થયા. હવે ત્રીજો દાખલો.

મુમુક્ષુ :- ફટકડીને શું કહેવું?

ઉત્તર :- ફટકડી છે ને એ બે ને જુદું પાડનારું એક સાધન છે. ફટકડી છે એ બે ભાવને જુદું પાડનારું એક સાધન છે. એ સાધન વડે જુદું પડી જાય છે. હવે ફટકડી છે એ તો એક જુદું સાધન થયું. હવે આત્માને અને રાગને જુદું પાડવાનું સાધન જુદું નથી. એ હવે આવશે. એવી જિજ્ઞાસા થાય તોપણ સારું. જિજ્ઞાસા થાય અને પ્રશ્ન કરે તો ખુલાસો થાય. એ તો દૃષ્ટાંત થયો. એ તો દૃષ્ટાંત થયો.

હવે ત્રીજો દાખલો આપે છે. કે પાણી સ્વભાવે શીતળ છે. સ્વભાવે પાણી શીતળ છે. અને અગ્નિના નિમિત્તે પાણીની અવસ્થા ઉષ્ણ થઈ છે, ગરમ થઈ છે. અગ્નિ નિમિત્ત છે અને તેની અવસ્થાની યોગ્યતા એટલે ગરમ થયું, પાણી ગરમ થયું એમ કહેવાય છે. પણ પાણી ગરમ થતું નથી.

હેં? આ શું? સવારના પહોરમાં કહે કે પાણી ગરમ થઇ ગયું છે ન્હાઇ લ્યો, સ્નાન કરી લ્યો. વ્યવહારી જનમાં સાથે સાથે વ્યવહારની ભાષા હોય છે. નિશ્ચયની ભાષા વપરાય નહીં. કે પાણી ગરમ થઇ ગયું.

કહેવાય છે કે પાણી ગરમ થઇ ગયું પણ પાણી ગરમ નથી થયું, અગ્નિ ગરમ થઇ છે. એ અગ્નિનો ભાગ છે. ઉષ્ણતા લક્ષણ અગ્નિનું છે અને શીતળતા લક્ષણ પાણીનું છે. કે ભઇ તો પછી જો પાણી ઉનું નથી થયું અને પાણી એવું ટાઢુંબોળ છે. એક ભાઇ એવો તર્કવાળો આવ્યો. આહાહા! ઓલું ધૂમાળા નીકળે. પાણી ગરમ એવું થયું બહુ ધૂમાળા નીકળે. ત્યાં એક ભાઇ આવ્યો. એને સમજાવવાના હેતુ. આહાહા! આ પાણી કાંઇ ટાઢું શીતળ જેવું દેખાય છે. અરે! ભાઇ! કયાંથી આવ્યા? આ ધૂમાળા નીકળે છે, ફદફદીયા બોલે છે ને તમે કહો છો કે પાણી શીતળ શીતળ શીતળ. અમને માનવામાં આવતું નથી. શેઠ! એમ કરો આંગળી નાખોજી ખબર પડે તમને, પાણી શીતળ શીતળ કરો છો ને તો પાણીમાં આંગળી નાખ. ભાઇ! આંગળીથી સ્વભાવના માપ ન નીકળે. એ જ્ઞાનથી માપ નીકળે એના. બરાબર?

આ છે ને આ અનુભવથી સિદ્ધ થયેલી વાતો. જ્ઞાનીઓએ જે શાસ્ત્રો લખ્યા છે ને એ અનુભવથી સિદ્ધ થયેલી વાતો છે. આ કાંઇ સાધારણ વાત નથી. આ તો સર્વજ્ઞ ત્રણલોકનો નાથ કેવળજ્ઞાનમાં એક સમયમાં સ્વ અને પર લોકાલોક એક સમયમાં જણાય ગયું પ્રત્યક્ષ, એની વાણી નીકળી ઓમકાર ધ્વનિ, એ કાંઇ ખોટી પડે? અજ્ઞાની ખોટા છે, જ્ઞાની સાચા છે. કહે, શેઠ! આંગળી નાખો. કે આંગળીથી સ્વભાવના માપ ન નીકળે. સ્વભાવના માપ આંગળીથી ન નીકળે, સ્વભાવના માપ ઈન્દ્રિયજ્ઞાનથી ન નીકળે. આહાહા! આ તો સ્પર્શેન્દ્રિય છે. એનાથી ટાઢુ પાણી છે એ જણાતું નથી. પણ જ્ઞાનથી જણાય છે. એ કયું જ્ઞાન? કે સ્વભાવગ્રાહી જ્ઞાન. એક પોતાના આત્માને જેણે જાણ્યો રાગથી ભિન્ન એવો જ્ઞાની કહે છે કે એ જે ઉષ્ણ થયું છે ને એ ભાગ છે ને એ તું હવે અગ્નિથી આમ લઇ લે જો હમણાં. એની મેળે ઠંડુ થઇ જશે. હેં?

ઉષ્ણતાનો અભાવ થશે અને શકિતમાં શીતળતા હતી તો શીતળતા અંદર પ્રગટ થઇ એ ટાઢું કરવા માટે બરફની જરૂર નહીં પડે. કેમ કે એનો સ્વભાવ શીતળ છે એ અગ્નિથી જરાક આમ ખસ્યું તો એની મેળે થોડોક ટાઇમ થશે, ટાઢું થઇ જશે. એ ટાઢાપણું આવ્યું કયાંથી? કે અગ્નિમાંથી? કે ના. અગ્નિમાંથી ટાઢો ભાવ ન આવે. તો એ અવસ્થા ઉષ્ણની વ્યય થઇ ગઇ એમાંથી ટાઢું આવ્યું? કે ના. ઉની અવસ્થા ગઇ એમાંથી ટાઢું ન આવ્યું. તો ટાઢાશ આવી કયાંથી? કે શકિતમાં શીતળતા ભરી હતી. એ જ એની અવસ્થામાં પ્રગટ થાય છે.

એમ આ મોક્ષ થયો કયાંથી? કે મોક્ષ સ્વરૂપ ભગવાનઆત્મા છે એમાંથી મોક્ષ પ્રગટ થાય છે.

આ શેના ઉપરથી દાખલા આપ્યા? કે જે પુણ્ય-પાપના ભાવ છે એમાં જ્ઞાન વ્યાપ્તું, ફેલાતું, પ્રસરતું નથી. જ્ઞાન તો આત્મામાં ફેલાય છે. જ્ઞાન આત્માનું છે. જ્ઞાન ફેલાય છે તો આત્માના અસંખ્ય પ્રદેશમાં ફેલાય છે. પણ જ્ઞાન ત્યાંથી નીકળીને શરીરમાં કે કર્મમાં જતું નથી. અરે! શરીર ને કર્મમાં તો ન જાય પણ પરાશ્રિત રાગમાં પણ, આહા! જ્ઞાન ન જાય. જ્ઞાન પોતાનું ઘર છોડે નહીં ને પરઘરમાં જાય નહીં. જ્ઞાન પોતાનું સ્વઘર છોડે નહીં અને રાગાદિ પરઘરમાં જ્ઞાન જાય નહીં. માટે જ્ઞાન ભિન્ન ને રાગ ભિન્ન છે. એના લક્ષણભેદે ભેદ છે.

**ચેતકપણારૂપી વ્યાપકના વ્યાપ્ય નહીં થતા હોવાથી,** અરે! આ અભ્યાસ કરવા જેવો છે. મનુષ્યભવ ફરી ફરીને મળવાનો નથી. પૈસો તો અનંતવાર અનંતવાર મળ્યો, મનુષ્ય થયો, રાજા પણ થયો. અને સ્વર્ગનો દેવ પણ થયો પણ આત્મા ન મળ્યો એને. આહાહા! બધું મળ્યું પણ આત્મા ન મળ્યો. એવી વાત શાસ્ત્રમાં આવે છે કે સમસ્ત ચક્રવર્તીના વૈભવ કરતા, એક ચક્રવર્તી નહીં. સમસ્ત જેટલા ચક્રવર્તી થયા અત્યાર સુધી. એ ચક્રવર્તીના વૈભવ કરતાં, એનો વૈભવ તો ઘણો હોય ને. બહારનો. હેં? આહા! એ સમસ્ત ચક્રવર્તીના વૈભવો કરતાં પણ મનુષ્યભવ ને એમાં મનુષ્યભવમાં પણ સર્વજ્ઞ ભગવાનની વાત સાંભળવા મળે એ ઓના વૈભવ કરતાં આનો વૈભવ પુણ્ય વધી ગયું. નહીંતર સાંભળવા મળે નહીં.

એ વાત કરે છે કે **ચેતકપણારૂપી વ્યાપકના વ્યાપ્ય નહીં થતા હોવાથી,** એ વ્યવહારનયના વિષય રાગ, પુણ્યભાવ, દયાના ભાવમાં ભગવાનઆત્મા ફેલાતો પ્રસરતો નથી. ઓહોહો! દયાના પરિણામ ભિન્ન છે, દયાનો જાણનાર જ્ઞાન, દયાથી ભિન્ન છે અને એ જ્ઞાન ઈન્દ્રિયજ્ઞાન પણ આત્માથી ભિન્ન છે અને નવું અતીન્દ્રિયજ્ઞાન આત્માથી અભિન્ન થાય છે. એવી અંદરની ઊંડાણની વાત છે બધી.

**કે જે વ્યાપકના વ્યાપ્ય નહીં થતા હોવાથી, મારાથી અત્યંત ભિન્ન છે.** આ પુણ્ય-પાપના (ભાવ). જેમ દેહ મારાથી ભિન્ન છે તેથી દેહ પ્રત્યે હું મમતા છોડી દઉં છું, આઠ કર્મ મારાથી ભિન્ન છે તેથી એના પ્રત્યે મમતા છોડી દઉં છું. આઠ કર્મ છોડવાના નથી. દેહનો ત્યાગ નથી કરવાનો, પ્રણામ સંકલ્પનો ત્યાગ નહીં. પ્રણામ સંકલ્પ મારું છે એવી મમતાનો ત્યાગ અત્યારે થઈ જાય છે ગૃહસ્થ અવસ્થામાં. આહા!

આ દેહ રહી જાય પણ દેહની મમતા છૂટી જાય. આઠ કર્મ રહી જાય પણ કર્મની મમતા છૂટી જાય. રાગ રહી જાય પણ રાગ મારો એ મમતા (છૂટી જાય.) મોહનો નાશ થાય. એ રાગના બે પ્રકાર છે. મોહ સહિત રાગ અને મોહ રહિત રાગ. શું કહ્યું? રાગ છે એ મોહ સહિત રાગ. અજ્ઞાનીને, મિથ્યાદષ્ટિને રાગ હોય એ મોહ સહિત છે. મોહ સહિત એટલે રાગમાં મારાપણું માને. રાગને

પોતાનો માને એને મોહ સહિત રાગ થઈ ગયો.

હવે જેણે ભગવાનઆત્માના દર્શન કર્યા અનુભવ થયો, સમ્યગ્દર્શન થયું, મોહ ચાલ્યો ગયો, રાગ રહી ગયો. એ રાગને મોહ રહિત રાગ કહેવાય. ગૃહસ્થ અવસ્થામાં રાગ રહી જાય. એ જયારે મુનિ દીક્ષા અંગીકાર કરે, જંગલમાં જઈને ધ્યાનમાં મગ્ન થાય ત્યારે રાગનો અભાવ થાય. ચક્રવર્તી શાંતિનાથ ભગવાન, ૧૬મા શાંતિનાથ ભગવાન ચક્રવર્તી હતા. રાગ હતો, મોહ નહોતો. રાગ હતો એટલે કે એને હજી રાગ.. રાજનો રાગ નહોતો છૂટયો. ચાર જ્ઞાનના ધણી. ચક્રવર્તી, કામદેવ અને તીર્થંકર પ્રકૃત્તિનો બંધ થયા કરે એને સમયે સમયે. એ ભવમાં તો મોક્ષ થવાનો છે. રાગ થોડો હતો. અલ્પરાગ. પણ મોહ રહિતનો રાગ અલ્પસંસારનું કારણ, મોહ સહિતનો રાગ અનંતસંસારનું કારણ.

રાગ મારો એનું નામ મોહ થઈ ગયો. રાગ મારો નહીં, મારું તો જ્ઞાન. મોહ ગયો થોડો રાગ રહી જાય છે. સ્વરૂપમાં લીન ન થવાય, ટકાય નહીં એટલે એટલો રાગ અસ્થિરતાનો સાધકને પણ આવે છે. ચોથા ગુણસ્થાને તથા પ્રકારનો (તે પ્રકારનો) પાંચમે એને યોગ્ય, છઠ્ઠે-સાતમે પાંચ મહાવ્રતનો રાગ છે. રાગ છે પણ પાંચ મહાવ્રત મારા-મોહ નથી. પાંચ મહાવ્રતના પરિણામ એ શુભ ભાવ છે ઉત્કૃષ્ટ. અહિંસાદિ પાંચ ભાવ તો એ ભાવમાં મમતા નથી. એના જાણનારા છે એના કરનારા નથી. આહા! આત્મા જાણનાર છે. રાગનો કરનાર નથી.

કહે છે કે મારાથી અત્યંત ભિન્ન છે. ઓહોહો! મોહ છૂટી જાય છે. રાગ મારાથી ભિન્ન, કર્મ અને શરીર મારાથી ભિન્ન તો મોટર ને બંગલા તો કયાંયના કયાંય દૂર રહી ગયા. નજીકનું શરીર પણ મારું નથી. મોહ છૂટી જાય છે. આહા! હવે આગળ. માટે.. આત્માનો મોક્ષ કેમ થાય અથવા સુખ કેમ (પ્રગટે?) મોક્ષ કહો કે સુખ કહો. માટે હું જ મારા વડે, આહા! લ્યો! ભાઈએ પ્રશ્ન પૂછયો હતો ને? કે પાણી મલિન થયું તો ફટકડી નાખી તો ફટકડી તો ત્રીજો પદાર્થ થયો. માટી નાખે તો માટી જુદી ન પડે. પાણી નાખે તોપણ માટી જુદી ન પડે. મેલુ પાણી થયું હોય તો એક ટબુડી, એક લોટો ચોખ્ખું પાણી નાખો તો મેલ નીકળી જશે? માટી થોડીક નાખો તો તો મેલ ડબલ થશે. ત્યારે શું કરવું? કે ફટકડી નાખો તો મેલ જુદો પડી જાય. સમજાય છે? આહા!

એમ અનાદિકાળથી રાગની એકતા કરીને બેઠો છે. કે થોડા વ્રત પાળો, નિયમ કરો, મંદિરો બંધાવો, દાન કરો એ મેલને જુદા પાડવાનું સાધન નથી, ડબલ થશે. માટી નાખવા જેવી ક્રિયા છે. આહાહા! મેલા પાણીમાં માટી નાખતા મેલ નીકળે નહીં. કડક લાગે પણ અમૃત જેવી વાત છે. આ વાત મારા ઘરની નથી. સર્વજ્ઞ ભગવાને કહેલી વાત કહું છું. આહા! મેલા પાણીમાં માટી નાખે તો મેલ નીકળી જાય? તો ડબલ થાય.

એમ જેનાથી જુદું પડવું છે, આહા! એ ક્રિયા કરવાથી તો ઉલટું મિથ્યાત્વ દૃઢ થઈ જાય. તો

કહે છે કે હવે એનાથી ન થાય તો કાંઇ નહીં. પણ શાસ્ત્રજ્ઞાન, શાસ્ત્રજ્ઞાન વધારો તો મેલ જુદો પડી જાય તો કહે ના શાસ્ત્રજ્ઞાન વધારો તો મેલ જુદો નહીં પડે. એ સાધન નથી મેલને જુદો પાડવાનું. આહા! બેની હાજરી લીધી, બેની. એક કષાયની મંદતા એનાથી ધર્મ થાય? તો કહે નહીં થાય. લે. ત્યારે શાસ્ત્રજ્ઞાનથી થાય? કહે ના. નહીં થાય. ત્યારે આ મેલ કેવી રીતે જુદો પડે? જેમ ફટકડી નાખવાથી મેલ ને પાણી જુદા પડે છે, એમ આત્મા અને આસ્રવ એને જુદા પાડવા માટે બહારના સાધનની જરૂર નથી. જેવો આત્મા છે એ આત્માની સન્મુખ થયેલું અતીન્દ્રિયજ્ઞાન, એ અતીન્દ્રિયજ્ઞાન દ્વારા આત્મા ભિન્ન અને રાગ ભિન્ન એવો અનુભવ થાય છે. એને અભિન્નસાધન કહેવામાં આવે છે. આહા!

ચોવીસે કલાક પૈસા કમાવામાં જગતના જીવો પડયા છે. એમ ને એમ આયુષ્ય પૂરું થઇ જાય. હમણાં એક ૫૨ વર્ષનો બિચારો.. નહીં ૪૧ વર્ષનો મુંબઇમાં, શાંતિભાઇ ઝવેરી એના મોટા દીકરા એનો સાળો, ૪૧ વર્ષનો. ખૂબ સુખી પૈસા તો લાખો કરોડો રૂપિયા, પણ ૪૧ વર્ષની ઉંમરે ચાલ્યો ગયો. આહા! હમણા આપણા મોરબીવાળા ફુલચંદભાઇ એના દીકરા હસુભાઇ હૈદરાબાદમાં ૫૨ વર્ષે ગુજરી ગયા. આમ સાડા નવે દુકાને ગયા અને ટેબલની ખુરશી ઉપર બેઠા હતા, આમ ઢળી ગયા. ખલાસ! નટુભાઇ! આહા! શું આયુષ્યનો ભરોસો છે? પાછું જે લઇ જઇ શકાય નહીં તેના માટે ૨૪ કલાક મહેનત અને જે લઇ જાય એના માટે કાંઇ પ્રયત્ન નહીં. હેં! આહાહા! કેટલી મૂર્ખાઇ!

આ અહીંયા ઉતારવું. બીજા કરે છે એમ નહીં, અહીંયા લેવું. આહા! મૂર્ખાઇનો કોઇ પાર નથી. આયુષ્ય પૂરું થશે. આહા! કયાં જઇને જન્મે એનું કોઇ ઠેકાણું નથી. ગુરુદેવ કહેતા હતા કે જેવી રીતે વા-વંટોળ થાય છે ને? વાવાઝોડુ. આમ તણખલા તો નીચે પડયા હોય અને જયાં પવન આવે ત્યાં તણખલું ઊડે, તણખલું ઊડીને કયાં પડશે એનું કોઇ ઠેકાણું નથી. કયાં પડશે કાંઇ ઠેકાણું નથી.

એમ જો આત્માનો ધર્મ ન કર્યો તો કયાં ખોવાઇ જશે કાંઇ... આહાહા! કાંઇ પતો ન (લાગે) ખોવાઇ જશે જીવ. ગોત્યો નહીં જડે જીવ ગોત્યો નહીં જડે. આહાહા! માટે જે સાથે આવે એનો પ્રયત્ન કરવો જોઇએ. જ્ઞાન સાથે આવે છે. આ બહારનો વૈભવ, પૈસા ટકા કાંઇ સાથે આવશે નહીં. ચત્રભૂજભાઇ! એક કરોડપતી માણસ છે, રાજકોટના છે. હું હતો મુંબઇ ત્યારે મારી પાસે આવ્યા રાત્રે. મને કહે, લાલચંદભાઇ! આજ દિ' સુધી આ તત્ત્વજ્ઞાન મને ઊંડુ ઉતરતું નથી. એનું શું કારણ? ગ્રહણ થતું નથી ઉંડાણમાં. મેં કહ્યું સાચી વાત કહું? તો કહે સાચી વાત કહો એટલા માટે તો તમારી પાસે આવ્યો છું. તમારી પાસે આવ્યો છું કાંઇક માર્ગદર્શન લેવા માટે આવ્યો છું. મેં કહ્યું તમને પૈસા કમાવાનો લોભ અહીંયા (ગળા) સુધી છે. હોય-ગૃહસ્થીને પૈસા કમાવા, વેપાર, રોજગાર એની મર્યાદા બધી, ઠીક છે, હો. પણ આ શું પણ? પછી મને કહે છે કે મારો અભિપ્રાય કહુ તમને? મારી

આશા-તૃષ્ણા કેટલી છે કહું?

મેં કીધું કહો. તો કહે ભાઈ એવી આશા-તૃષ્ણા છે કે જો, આ મારી પાસે પૈસા તો ઘણા છે એ તો ઠીક પણ બીજા પૈસા લઈ વ્યાજે અને જો ડ્રાફ્ટ કઢાવી શકાતા હોય તો હું ડ્રાફ્ટ કઢાવીને ચાલ્યો જાવ. પછી છોકરા જાણે ને ઈ જાણે. છોકરો ભલે ને ન ભરે. મારે કયાં જોવા આવવું છે. એટલી મને લાલસા છે. ડ્રાફ્ટ કઢાવી ને લઈ જાવ પણ શું કરું લાચાર છું. ડ્રાફ્ટ કઢાવીને પરલોકમાં લઈ જઈ શકાતો નથી. નહીંતર તો એટલી તૃષ્ણા છે. ચત્રભૂજભાઈ! સમજવા જેવું છે. પોતે (કબુલ) કર્યું, હોં!

મુમુક્ષુ :- કબુલ કર્યું?

ઉત્તર :- હા, કબુલ કર્યું. બે કાન પકડયા. કે તમે કહો છો એ વાત સાચી છે. મારી લાલસા હજી એવી ને એવી છે. એવી કેવી લાલસા? કે રૂપિયા વ્યાજે લઉં, બેંકના લઉં, ભલે ને પાછળથી નામ ચાલ્યું જાય, દેવાળું કાઢે મારે કયાં ભરવા છે. પણ શું કરું? લાચાર છું! કે પરભવનો ડ્રાફ્ટ કોઈ કાઢી દેતું નથી. નહીંતર તો લઈ જાઉં, ઉપાડી જાઉં. આહા! તૃષ્ણાનો ખાડો પૂરાતો નથી.

મુમુક્ષુ :- .....

ઉત્તર :- હં.. પણ નથી લઈ જવાતું એટલે લાચાર છે. ભાવ તો લઈ જાવાનો છે. ચત્રભૂજભાઈ! ભાવ તો ઈ જ છે. પણ લઈ જઈ શકાતું નથી. અને જે લઈ જઈ શકાતું નથી તેના માટે મહેનત કરે અને જે જ્ઞાન સાથે આવે એના માટે ઘડી, બે ઘડી, આહાહા! તુલસીદાસે કહ્યું-ઘડીમાં આધી ઘડી, આધી મેં પણ આધ. આહા! એક વખત થોડોક આત્માનો વિચાર તો કરો. અડધો કલાક, કલાક, બે કલાક. સાઈડ બીઝનેસ. સાઈડ બીઝનેસ તો શરૂ કરો. સાઈડ બીજનેસ સમજયા? શેઠ! કે કલાક બે કલાક. બાકીના દસ કલાક તમે ગદધા મજૂરી ભલે કરો. ગદધા મજૂરી જ છે ને. બીજું શું છે એમાં? એમાં હાથમાં શું આવે? આહા! આ પણ લાખોપતી માણસ છે, પાલેજના શેઠ છે, હોં! ભાઈ! એમાં કાંઈ નથી. આત્માનું જ્ઞાન સાથે આવશે અને જ્ઞાનથી સુખ મળશે. બાકી સંયોગથી અને સંયોગીભાવથી, મમતાથી કદી પણ, કોઈ રીતે સુખ પ્રગટ થતું નથી.

મુમુક્ષુ :- પહેર્યું હોય ને એ પણ કાઢી લ્યે. કે હવે આ કાઢી લ્યો.

ઉત્તર :- હા.. એ ધૂતારાની ટોળી છે. વીંટી પણ કાઢી લેશે. ધૂતારાની ટોળી, હોં!

મુમુક્ષુ :- પાછા વધારે કુટુંબી (વિસ્તાર) હોય તો તમે કોને આપશો? નક્કી કરીને જાવ.

ઉત્તર :- હા.. ઓલા કહે મને આપો ને ઓલા કહે મને આપો.

મુમુક્ષુ :- નંગ કેટલા છે? ૧૪ છે તો તમે કોને આપશો? ચાર જોડી તમારી પાસે છે એનું શું કરશો?

ઉત્તર :- આહાહા! કયાંય એને તૃષ્ણાનો ખાડો પૂરાતો નથી. તૃષ્ણાનો ખાડો છે. તે પૂરાતો નથી અને જેમ જેમ અગ્નિમાં ઘી હોમો એમ ભડકો વધે એમ પૈસા જેમ વધે એમ લાય લાય લાય લાય લાય. આ લઉં, આ લઉં, અહીંથી લઉ, અહીંથી લઉ. અરે! ભાઈ! શ્રીમદ્જી કહે છે. અરે! બાપુ! તને આજીવિકાનું સાધન મળ્યું હોય તો સંતોષ રાખી અને આત્માનું હીત આ ભવ મનુષ્યભવ મળ્યો છે માંડ માંડ. એ કરી લે બાપુ. જ્ઞાનીઓ તો પોકાર કરીને કહે છે પણ નનુર થઈ ગયો છે, સાંભળતો નથી. આહા!

મુમુક્ષુ :- સોનેરી વાકય છે.

ઉત્તર :- સોનેરી વાકય છે. જ્ઞાનીઓ તો એ જ કહે ને. સુખનો માર્ગ બતાવે. પછી તમે જાણો ને તમારું કામ જાણે. બીજું શું કહે? કાંઈ લાકડી થોડી દેવાય છે? આહા! નાનો છોકરો હોય તો તમાચો મારે પણ મોટા માણસને શું કહે? આહા! કહેવાતું હોય એટલું કહેવાય. કે ગુરુદેવ તો એમ કહેતા હતા હસતા હસતા. બધું કહી દે હસતા હસતા, હોં! આહા! જાણે એમ છે કે આ આપણે વાણીયા-વેપારીઓ જૈન છીએ એટલે દારૂ, માંસ તો કાંઈ ખાતા કે પીતા નથી એટલે નર્કમાં તો નહીં જાય અને કાંઈ એવા શુભભાવ નથી કે સ્વર્ગમાં જાય. એવા તો શુભભાવ કાંઈ એને છે નહીં. અને સાધારણ શુભભાવ છે પણ એની સાથે આ બધું આખો દિ' વેપાર-રોજગારમાં, આહાહા! મરીને ઢોર થાશે. મરીને ઢોર થાશે એમ ચોખ્ખું કહી દયે. હોં! આ હાય વરાળ! અરેરે! મુંબઈનું જીવન તો આઠ વાગ્યે નીકળે તો રાતના દસ વાગ્યે ખાવા ભેગા થાય. આહા! મુંબઈમાં તો હાય-વરાળ છે. તું આત્માનું કરી લે, આત્માનું કરી લે.

એક વખતનો પ્રસંગ છે. રાજકોટમાં ગુરુદેવ પધાર્યા હતા. તો એક કારીગર ટાઈપ (માણસ) ફેકટરીમાં નોકરી કરતો હતો. સવારે આઠ વાગ્યે તો પહોંચવું જોઈએ. બપોરે કલાકનો ટાઈમ મળે પાછો સાંજ સુધી ત્યાં પહોંચે ને રાતના આઠ વાગ્યે આવે અને થાકયો-પાકયો સૂઈ જાય. જિજ્ઞાસુ ખરો! એમાં રાતના, રવિવાર હતો એટલે રજા હોય એટલે બપોરે વ્યાખ્યાનમાં આવ્યો, સાંજે આવ્યો. સાંજે પ્રશ્ન કર્યો કે સાહેબ! આપ કહો છો કે આત્માનું કાંઈક કરો, કાંઈક સ્વાધ્યાય, ચિંતન, મનન, સત્ સમાગમ પણ સાહેબ! મને ટાઈમ મળતો નથી. શું કરો છો? ગુરુદેવ તો પૂછે ને? પછી આખો વિષય એને કીધો કે આ રીતે છે અને મને ટાઈમ મળતો નથી.

કેટલા વાગ્યે ઉઠો છો? કે સાહેબ! લગભગ પોણા સાત-સાતે ઉઠી તૈયાર થઈને આઠે પહોંચુ છું. કાલથી પાંચ વાગ્યે ઉઠો. આવતી કાલથી પાંચે જ ઉઠો. પાછી બધી એને ખબર હોય. જો પાંચે ઉઠશો ને તો છોકરાઓ કલબલાટ નહીં કરતા હોય, સૂતા હશે તો સ્વાધ્યાય કરી શકશો. કાલથી પાંચ વાગ્યે ઉઠો. આહા! એ જેને રુચિ હોય ને એ પાંચ શું, ચારે ઉઠે. રુચિ જોય ને, તમન્ના. આહા! ધર્મ

કરવાની તમન્ના જોઈએ. એ ધર્મ જ શરણ છે, બાકી કાંઈ શરણ નથી.

અહીંયા કહે છે. હવે જુદા પાડવાનું સાધન બતાવે છે. **માટે હું જ, મારા વડે જ,** આત્મા વડે જ. આત્મા વડે જ મોહનો નાશ થાય. .... હવે કહે છે, સાધન બતાવે છે કે કેવી રીતે મને આત્માનો અનુભવ થાય? અને અનુભવ થતાં મોહનો નાશ કેમ થાય? આહા! મોહનો ક્ષય કેમ થાય? દુઃખનું કારણ છે જે મોહ, મમતા એનો અભાવ કેમ થાય? એની કળાની વિધિ જ્ઞાનીઓ બતાવે છે.

કે **મારા વડે જ, માટે હું જ** એટલે હું જ કર્તા. **મારા વડે જ,** એ સાધન કરણ. આત્મામાં આત્મા કર્તા પણ છે, આત્મા કર્મ પણ થાય છે, આત્માનું કરણ એટલે સાધન પણ છે. આત્મા જ અપાદાન, આત્મા જ સંપ્રદાન અને આત્મા જ અધિકરણ. એવા છ પ્રકારના એક આત્મામાં ધર્મ રહેલા છે. આત્મા પોતે કર્તા, આત્માને જાણવું એ આત્માનું કર્મ, આત્મા વડે આત્મા જણાય એ એનું સાધન અને આત્મામાંથી આત્મા જણાય એ અપાદાન અને આત્માને આધારે આત્મા જણાય એ અધિકરણ. એવા છ પ્રકારના ધર્મો એક આત્મામાં રહેલા છે. એને અભિન્ન ષટ્કારક કહેવામાં આવે છે.

એના માટે એક દાખલો આપું એટલે ખ્યાલ આવે. બહુ ઝીણી વાત છે જરા. કે શાસ્ત્રમાં દૃષ્ટાંત આવે છે કે આ શરીર છે, આ શરીર છે, બરાબર! હવે આ ટાઢું છે કે ઊનું છે એની ખબર કેવી રીતે પડે? આ ઠંડુ છે કે ગરમ એની ખબર કેવી રીતે પડે? કે આ લાકડી હાથમાં હોય ને લાકડી એના વડે આમ કરો તો ખબર નહીં પડે. લાકડી છે ને. લાકડી હાથમાં લઈ ને આમ ફેરવો, ખબર નહીં પડે. કેમ? કે આનાથી લાકડી ભિન્ન છે. ખ્યાલ રાખજો. લાકડી આનાથી ભિન્ન છે. ભિન્ન છે એટલે ભિન્નસાધન વડે આનું જ્ઞાન નહીં થાય. ટાઢું છે કે ઊનું.

પછી આગળ વધીને જ્ઞાનીઓ કહે છે કે વધેલો નખ, અત્યારે છોકરાઓ નખ વધારે છે ને નખ. આમ નખ વડે હાથ ફેરવે, નખ વડે ફેરવે તોપણ ટાઢા-ઊનાનું જ્ઞાન (ન થાય) કેમ કે નખ ભિન્ન છે. શરીરથી જેમ લાકડી ભિન્ન છે તેમ નખ પણ ભિન્ન છે. ત્યારે હવે આનું ટાઢા-ઊનાનું કેવી રીતે જાણવું? કે આ ટેરવું છે ને ટેરવું એ શરીરનો એક ભાગ છે. એને અભિન્ન સાધન કહેવાય. એના વડે આમ જરાક! અરે! આ તો તાવ ભર્યો છે. શેના વડે જાણ્યું? કે અવયવીને અવયવ દ્વારા જણાય.

આ શરીર છે તે અવયવી છે અને આ ટેરવું છે એ અવયવીનો એક ભાગ અંશ છે. આ જે ભાગ છે ને એ શરીરનો જ સ્પેર-પાર્ટ છે. આ વધેલો નખ શરીરનો સ્પેર-પાર્ટ નથી. અને આ ઘડીયાલ એ કાંઈ શરીરનો ભાગ નથી. ઘડીયાલ વડે ન જણાય, વધેલા નખ વડે ન જણાય પણ જરાક ટેરવું લઈને આમ (અડે તો) અરે! તમને તાવ ભર્યો છે. એમ જણાય.

એવી રીતે આ ભગવાનઆત્મા એનો અનુભવ કેમ થાય? એ કેમ જણાય? એના આત્માના કેમ દર્શન થાય? ભગવાનના દર્શન કરો તો ધર્મ થાય. એ વાત સાચી છે. ભગવાનના દર્શન કરો તો ધર્મ થાય. પણ કયા ભગવાનના દર્શન કરો તો ધર્મ થાય? આ ભગવાનના દર્શન કરો તો ધર્મ થાય. તો પછી તમે આ પ્રતિમાને ત્યાંથી લાવ્યા શું કામ? જો આ ભગવાનના દર્શન કરવાથી ધર્મ ન થાય તો લાલુભાઈ ને મીઠાભાઈ બેય જઈને અહીંયા ચંદ્રપ્રભુને બિરાજમાન કર્યા. તો ધર્મ નથી થતો તો શું કામ લાવ્યા?

કે પ્રભુ! એ ભગવાનના દર્શન કરતાં મારા આત્માનું મને સ્મરણ થાય છે. હું આપની પાસે આવું છું, હું મારા આત્માનું વિસ્મરણ કરી રહ્યો હતો, આપની પ્રતિમા જોઈને જાણું છું કે જેવું આપનું સ્વરૂપ છે એવું જ ખરેખર મારું સ્વરૂપ છે. એટલે મારા લોભને ખાતર હું આપના દર્શન કરવા આવું છું. આપ તો વીતરાગી છો. આપને તો કાંઈ કોઈ દર્શન કરે કે ન કરે એને તો કાંઈ પડી નથી.

એમ કહે છે, હવે આત્માને કેમ અનુભવવો? કે આ જે શરીર છે ને શરીર. એ લાકડી છે. એ લાકડા વડે આત્મા ન જણાય. આત્મા અનુભવમાં ન આવે. લાકડું છે-પુદ્ગલ છે આ. પછી આગળ વધીને એ દયા-દાન-કરુણા, કોમળતાના જે પરિણામ થાય છે ને એ વધેલો નખ છે એના વડે આત્મા ન જણાય. કેમ કે જાત જુદી છે. જેમ નખની જાત જુદી છે એમ રાગ છે એ જાત આત્માની જાત નથી. માટે એના વડે, રાગ વડે આત્માનો અનુભવ ન થાય.

ત્યારે હવે શું કરવું? કે આત્મા જાણવો છે. કે તારી પાસે ઉપયોગલક્ષણ છે. જાણવાની ક્રિયા થાય છે. સમયે સમયે બધાની પાસે, હોં! એ જાણવાની ક્રિયા વડે આત્માને જાણ તો જણાય જશે. કેમ કે એ સ્પેર-પાર્ટ છે. ઉપયોગ છે એ આત્માનો જ એક ભાગ છે. રાગ છે તે આત્માનો ભાગ નથી ને શરીર તો પૃથક જ છે. એટલે કહે છે કે હું મારા વડે, મારા આત્માને અનુભવું છું. મારા આત્માને મારા વડે એટલે મારા જ્ઞાન વડે અનુભવુ છું. તો એ અનુભવ કરતા રાગ અને આત્મા બેય જુદા પડે છે અને એને આત્મદર્શન થઈ જાય છે. ગૃહસ્થ અવસ્થામાં, હોં! બેંક બેલેંસ ભલે પડી. પાંજરાપોળમાં મોકલવાની જરૂર નથી. બધું એમાનું એમાં છે. મારાપણું છૂટી જાય છે. એ ચીજ મારી નથી. મારું તો એક જ્ઞાન છે. એમ કરીને અંતરમાં જો જાય તો આત્માનો અનુભવ એને વર્તમાન ગૃહસ્થ અવસ્થામાં થઈ શકે છે. આ વાત છે ને એ બુધ્ધિગમ્ય છે. એકદમ કોઈ અંધશ્રધ્ધાનો વિષય નથી. આહા! સ્તુતિ બોલો જિનવાણીની.

卐